# ॥ ગુરુની આજ્ઞા : શિષ્યની જીવનદોરી ॥

~ સાધુ હિંમત સ્વામી (અનુપમ મિશન, યુ.કે.)

**ગુરુઆજ્ઞા** મહિમા પર્વ આપણે સૌ ઊજવી રહ્યા છીએ ત્યારે સંતભગવંત સાહેબજીનું ગુરુભક્તિસભર જીવન સતત આપણી નજર સમક્ષ રાખીએ. બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીબાપાના આશીર્વાદ અને તેમની આજ્ઞા પ્રમાણે સમગ્ર જીવન તેઓએ અકલ્પ્ય ગુરુભક્તિમાં જ વિતાવ્યું અને આજે પણ એ પ્રમાણે જીવીને સૌને ગુરુભક્તિ અદા કરવાનું શિક્ષણ આપી રહ્યા છે. 'યોગી ગીતા'માં યોગીબાપાએ પણ ઉલ્લેખ કર્યો જ છે કે, 'મેં ૪૦ વર્ષ વાસણ ઊટક્યાં છે અને શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાનું પાલન કર્યું છે તેથી સુખિયો થઈ ગયો છું.' યોગીબાપા આવા અદ્‌ભુત દાસભાવે-સેવકભાવે જીવ્યા, તેથી લોકોને તેમના માટેનાં પ્રેમ અને લાગણી કાયમ રહ્યાં. તેવી જ દાસત્વભક્તિ સંતભગવંત સાહેબજીએ પણ સદાય રાખી. તેઓ ડાઉન ટુ અર્થ જીવન જીવી રહ્યા છે તો કોઈ પણ ભાઈઓ-બહેનો-વડીલો અને અન્ય હિન્દુ ધર્મના મહાનુભાવો-સંતો સાથે સહજતાથી, સ્વાભાવિકતાથી તેઓ તેમના જેવા થઈ જાય છે. આવી સ્વાભાવિકતાનું દર્શન છેલ્લાં ૫૨ વર્ષથી તેઓ કરાવી રહ્યા છે અને તેના પાયામાં તેમણે તેમના ગુરુની દરેક આજ્ઞાનું અનુસંધાન રાખીને અદા કરેલી ગુરુભક્તિ છે.

સંતભગવંત સાહેબજીએ વર્ષોવર્ષ યુ.કે. આવીને જે આજ્ઞાઓ આપી છે તે ઘણી વખત અશક્ય લાગે, પણ દરેક વખતે તેમની સામર્થીનાં દર્શન થયાં છે. યુ.કે.માં 'ૐ ક્રિમેટોરિયમ' બાંધવાની પરવાનગી તેમના જ આશીર્વાદથી મળી તે વાત આપણને સૌને ખબર છે. આમ તો પ્રથમ વખત આપણી રજૂઆત રિજેક્ટ થઈ અને પછી સંતભગવંત સાહેબજીએ પૂ. સતીશભાઈ અને પૂ. ભાવિશાને તે અંગે અપીલ કરવા આજ્ઞા કરી. પૂ. ભાવિશાને આજ્ઞા કરી કે, 'આપણી હિન્દુ સંસ્કૃતિમાં ૧૬ સંસ્કારો અને તેમાંય અંત્યેષ્ટિ સંસ્કારવિધિ માટેની યોગ્ય માહિતી એકત્ર કરી પછી અપીલ કરો.' તેમની આ આજ્ઞાની સાથે તેમની મૂર્તિની અદ્‌ભુત સામર્થીનાં દર્શન થયાં અને પરવાનગી મળી. સાથે જ વિશેષ પરવાનગી મળી 'ૐ ક્રિમેટોરિયમ' માટે આપણા કૅમ્પસની પાછળના ભાગમાં આવેલ રસ્તો વાપરવાની!

તેનો ઇતિહાસ એમ છે કે, અનુપમ મિશનના કૅમ્પસની પાછળના ભાગમાં એક રસ્તો છે જે ખાસ વપરાતો નહો તો પણ અનુપમ મિશનને તે વાપરવાનો અધિકાર તો સરકારશ્રીએ આપ્યો હતો જ ! પરંતુ, જ્યારથી 'ૐ ક્રિમેટોરિયમ' બાંધવાની પરવાનગી મળી ત્યારથી તે રસ્તો જેની જમીન પર છે તે બહેન (મિરાંડા)એ આ રસ્તો વાપરવાનો વિરોધ કર્યો. તેમણે તો ત્યાં સુધી કહ્યું હતું કે, 'હું જીવું છું ત્યાં સુધી આ રસ્તો 'ૐ ક્રિમેટોરિયમ' માટે વાપરવા નહીં દઉં !' પરંતુ, ત્યારે પણ સંતભગવંત સાહેબજી બોલ્યા હતા કે, 'મિરાંડા આપણને રસ્તો આપશે !' આ તેમનો તેમના પ્રભુ અને ગુરુ પ્રત્યેના વિશ્વાસનું પ્રતિબિંબ હતું ! અને બન્યું પણ એવું જ કે, સંતભગવંત સાહેબજીની પ્રાર્થના અને સામર્થીને પરિણામે જ અશક્ય શક્ય બન્યું. પૂ. સતીશભાઈએ પણ આમાં ખૂબ જ દાખડો કર્યો. થોડા જ સમય બાદ મિરાંડાએ તે રસ્તો વાપરવાની પરવાનગી રાજીખુશીથી આપી. તે પણ મૌખિક નહીં પરંતુ, કાયદાકીય લેખિત બાંહેધરી સાથે !

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન સંતો અને સેવકોએ સંતભગવંત સાહેબજીની આજ્ઞા અને કેવળ ભજનનો જ આશરો લીધો તો આજે પાછળનો આખો રસ્તો પણ તૈયાર થઈ રહ્યો છે. વળી, તેઓએ પૂ. સતીશભાઈને સૂચન કર્યું છે કે, આ વર્ષે શ્રી ઠાકોરજી મહારાજની પ્રતિષ્ઠાની દશાબ્દી ઉજવાય ત્યારે ઑગસ્ટમાં આપણે 'ૐ ક્રિમેટોરિયમ'નું મકાન બહારથી તૈયાર કરીને સાધુ, સંતો અને અગ્રણીઓ પાસે લોકાર્પણ કરાવીને પછી આગળનું કામકાજ ચાલુ રાખીશું.

તેવી જ રીતે ગુરુવર્ય સાહેબદાદા સર્વ પ્રથમ વખત ઈંગ્લૅન્ડ પધાર્યા તેને સન ૨૦૨૩માં ૫૦ વર્ષ પૂર્ણ થયાં અને તે ગ્લૉબલ પિલ્ગ્રિમેજ (pilgrimage)ની સુવર્ણ જયંતીનો ઉત્સવ ખૂબ જ મોટે પાયે ઊજવવાનો નક્કી થયો. તે નિમિત્તે મોટા ભાગનાં સંતો-યુવાનો અને સમર્પિત દીકરીઓને ભારત અને અન્ય દેશોથી યુ.કે. બોલાવવાની ઇચ્છા ગુરુવર્ય સાહેબદાદાએ દર્શાવી આજ્ઞા પણ કરી. લૌકિક દૃષ્ટિએ જોતાં તે કામ ખૂબ અઘરું હતું, પરંતુ તેમની આજ્ઞા અને આશીર્વાદ હતાં તો સાચે જ ખૂબ મોટી સંખ્યામાં સૌને વિઝા મળી ગયાં અને સૌ પધારી શક્યાં. તે માટે લૉર્ડ પોપટ, લૉર્ડ ગઢિયા અને પૂ. સતીશભાઈનો આભાર છે.

આજે આ બધું જ ગુરુદેવની આજ્ઞાપાલનના ફળસ્વરૂપે જ થતું દેખાય છે. વચ્ચે સંઘર્ષ ખૂબ જ આવે છે, પણ અનુસંધાન ગુરુ તરફ રાખીએ છીએ તો સઘળું સરળતાથી ગોઠવાતું જાય છે. અનુસંધાન કે આપણા મનની વૃત્તિ તેમના તરફથી ખસી જાય છે ત્યારે ઘર્ષણો ઊભાં થાય છે. આવા અસંખ્ય પ્રસંગોમાં સાહેબદાદા જે આજ્ઞાઓ કરે છે ત્યારે કેવળ તેમના તરફ દૃષ્ટિ રાખી, જરાય આશંકા કર્યા વગર મંડી પડીએ છીએ તો તેમની સામર્થીનાં દર્શન થાય છે. તેથી હવે પ્રાર્થના એટલી જ છે કે, હે સાહેબદાદા ! આપની કોઈ પણ આજ્ઞા જરાય આશંકા કર્યા વગર પળાય અને તે જ કેવળ અમારી જીવનદોરીરૂપ બની રહે તેવી નિષ્ઠા કેળવાય ! ◆